# “ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી” વિષય પર ટૂંકા ગાળાનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા “ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી” વિષય પર તા.૧૮-૦૯-૨૦૧૮ થી ૨૦-૦૯-૨૦૧૮ સુધી ત્રણ દિવસનો તાલીમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાંથી લગભગ ૨૨ ખેડૂત મિત્રોએ ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમનાં પ્રારંભે ડો.આર.એફ.સુતાર, આચાર્ય અને ડીનશ્રીએ તાલીમાર્થીઓને આવકારી તાલીમનું મહત્વ તેમજ જુદાજુદા કૃષિ પાકોમાં પ્રોસેસીંગ ક્ષેત્રે ટેક્નોલોજીનાં મહત્વ અંગે માર્ગદર્શન આપેલ. ત્યારબાદ નિષ્ણાતોએ જુદા જુદા વિષયો પર મુખ્યત્વે સોયાબીન, મકાઇ અને તુવેર પાકોને ધ્યાને લઇ પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન જેમ કે પાકની કાપણી પછીની પ્રક્રીયાઓનું સમજણ, સોયાબીનનુ પ્રોસેસીંગ અને ઉપયોગ, દાલ મિલિંગની વિવિધ પ્રક્રીયાઓ, મકાઇની પ્રોસેસીંગ તકનીકો અને વિવિધ વાનગીઓ, મકાઇ પૌઆ પ્લાન્ટ લે-આઉટ, મશીનરીની જાણકારી અને સારસંભાળ, ફૂડ પ્રોસેસીંગમા ક્વોલિટી અને લાઇસેસીંગની મહત્તા, મકાઇ પૌઆ આધારીત ઉધોગ સ્થાપીત કરવાના વિવિધ પાંસાઓ ઉપરાંત સોયાબીનથી વિવિધ વાનગીઓ બનાવવાનુ નિદર્શન અને કોલેજ અંતર્ગત આવેલ ઇન્ક્યુબેશન સેન્ટરમાં કાર્યરત વિવિધ પ્લાન્ટસનું નિદર્શન પણ યોજવામાં આવેલ.આ ઉપરાંત તાલીમના અંતિમ દિવસે તાલીમાર્થીઓને દાહોદ જિલ્લામા પ્રસ્થાપિત ફૂડ પ્રોસેસીંગ ક્ષેત્રે કાર્યરત ઇન્ડસ્ટ્રીઝની મુલાકાત કરાવવામાં આવેલ. આ સમગ્ર તાલીમ કાર્યક્રમ ડો.એસ.એસ.કાપડી (તાલીમ સંયોજક) અને ઇજ.જે.પી.રાઠોડ દ્વારા આચાર્ય અને ડીનશ્રીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.








INDIVIDUAL QUICK FREEZING
(IQF) LINE


તાલીમ કાર્યક્રમ
AAU

